
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુસ્તક ૩૩
અંક ૫ મો.
માર્ગશિર્ષ.

આત્મ સં. ૪૦
વીર સં. ૨૪૬૨
રૂ. ૧-૪-૦

પ્રકાશક

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વીતરાગ સ્તુતિ. (ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ.) ૧૦૩
૨ સત્યજ્ઞાનનું રહસ્ય ... ... ... ( અનુવાદ )... ... ૧૦૫
૩ પ્રતિબિંબ–જૈન રાજાનું ક્ષાત્રતેજ ... ... (રા. સુશીલ) ... ૧૦૯
૪ શ્રી નિંબાર્કાચાર્યની મુનિ ભક્તિ ... ... ,, ... ૧૧૦
૫ માનવજીવનની વિશાળતા ... ... ( અનુ૦ અભ્યાસી ) ... ૧૧૨
૬ સંઘાડામાં ઐકય ... ... ... ... ( ચોકસી ) ... ૧૧૫
૭ શ્રી આત્મારામજી શતાબ્દિ ... ( રાજપાળ મગનલાલ વોરા ) ... ૧૧૮
૮ વૈશાલી. ... ... ... ... ( રા. સુશીલ ) ... ૧૨૧
૯ સ્વીકાર–સમાલોચના. ... ... ... ... ... ... ૧૨૫
૧૦ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ૧૨૬



## શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર

### [ અને શ્રી સમરાશાહ ]

( ઐતિહાસિક દૃષ્ટિએ )

ચૌદમા સૈકામાં શ્રી સમરાશાહ ઓસવાળે પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો છે. તેનું ઐતિહાસિક દૃષ્ટિએ રસમય વર્ણન બાળજીવો ( બાળક-બાળકીઓ ) પણ હોંશે હોંશે વાંચી શકે તેવી ગુજરાતી સાદી ભાષામાં લખાયેલ છે. શ્રી શત્રુંજય મુખ્ય મંદિરની છબી સાથે આપવામાં આવેલ છે. વાંચતા શ્રદ્ધાળુઓની રોમરાજી વિકસ્વર થાય તેવું છે. સહુ કોઈ લાભ લઇ શકે, તેમજ પ્રભાવના કરવા માટે મન વધે તે માટે માત્ર બે આના ( પોસ્ટ જુદું ) કિંમત રાખેલ છે.

જલદી નામ નોંધાવો. આ લાભ પાછળથી મળશે નહિં. થોડી નકલો સીલીકે છે.

ની વતી **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ.** આગળ પ્રકટ થયેલની અશુદ્ધિઓને શોધી શુદ્ધ સંશોધન કરી ઉંચા કાગળો, શાસ્ત્રી સુંદર ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે. શ્રી **પ્રથમ પર્વ** ફાગણ શુદ ૨ ના રોજ પ્રસિદ્ધ થશે. પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી બધા પર્વો મુદ્દલ કિંમતે આપવામાં આવશે. કેટલાક ગ્રાહકોના નામ નોંધાઇ ગયેલા છે. વ્યાખ્યાન માટે, ભંડાર માટે **પ્રત** આકારે તેમજ લાઇબ્રેરી અને ગૃહસ્થ માટે બુક આકારે છપાવેલ છે જે સાઇઝ જોવે તે સ્પષ્ટ લખી જણાવવું.

પાછળ ગ્રાહક થનારને સીલીકમાં હશે તો જ બધા પર્વ મળી શકશે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

## વિદ્વાન બંધુઓ માટે ઉમદા તક.

સદ્દગત ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય **શ્રી વિજયાનંદસૂરિ** ( આત્મારામજી ) મહારાજ ૧૯ મી શતાબ્દિમાં એક પ્રસિદ્ધ સુધારક થયા છે. તેમની **જન્મ શતાબ્દિ** માર્ચ ૧૯૩૬ માં મોટી ધામધૂમથી પાટણ ( ગુજરાત ) માં ઉજવવામાં આવશે.

શ્રી **યોગ જિવાનંદજી સરસ્વતી** ( એક વૈદિક મતાનુયાયી મહાત્મા ) એ આચાર્ય મહારાજની પ્રશંસા માટે નીચે લખેલ માલાબંધ " શ્લોક રચીને મોકલ્યો હતો, જેમાં તેમણે જણાવ્યું હતું કે આ શ્લોકના એકવીશ ( ૨૧ ) અર્થ થાય છે.

**योगाभोगानुगामी द्विजभजन जनिः शारदा रक्ति रक्तो ।**
**दिग्जेता जेतृ जेता मतिनुति गतिभिः पूजितो जिष्णु जिह्वैः ॥**
**जीयाद्दायादयात्री खलचलदलनो लोल लीलस्वलज्जः ।**
**केदारौ दास्यदारी विमल मधुमदोद्दामधाम प्रमत्तः ॥**

શતાબ્દિ સમિતિનો વિચાર ઉપરોક્ત શ્લોકના વધારેમાં વધારે અર્થો કરાવીને તે શતાબ્ધિ સ્મારક ગ્રંથમાં પ્રકાશિત કરવાનો છે, જેને માટે સર્વોત્તમ અર્થ કરનાર શખ્સને રૂા. ૨૫૧) ઇનામ આપવાનો નિશ્ચય કર્યો છે. પ્રતિભાશાલી કાવ્યરસિક વિદ્વાનોને પોતાની પ્રતિભા બતાવવાનો આ અનુપમ પ્રસંગ છે. આશા છે કે આ લાભ અવશ્ય હાથમાંથી ન જવા દે.

આ વિષયમાં વિશેષ જાણવાવાળા વિદ્વાન્ બંધુઓએ નીચે લખેલા સ્થળે પત્રવ્યવહાર કરવો.

નિવેદક,

**નેમદાસ બી. એ.**

મંત્રી—શ્રી આત્માનંદ જૈન મહાસભા—પંજાબ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. मार्गशीर्ष आत्म सं. ४०. { अंक ५ मो.

## વીતરાગસ્તવ–ભાષાનુવાદ.

### પંચમ પ્રકાશ.

અષ્ટ પ્રાતિહાર્ય.

માલિની.

ભ્રમર રવથીં જાણે ગાન ઉંચે કરંતો !
ચલ દલથકીં નાટારંભ જાણે રચંતો !
તુજ ગુણગણદ્વારા રક્ત[1] જાણે વિલોક !
પ્રમુદિત અતિ થાતો વૃક્ષ એવો+ અશોક. ૧

૧ શ્લેષ: ( ૧ ) રાતો, ( ૨ ) રાગી, અનુરાગી.

+ કવિ વિધાતા જડ સૃષ્ટિને પણ ચૈતન્યવતી બનાવી દે છે, મુડદામાં પણ પ્રાણ પૂરે છે એ ઉક્તિ અત્રે સાર્થક થતી જણાય છે. અહીં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે–ભ્રમરના ગુંજારવથી અશોકવૃક્ષ જાણે ગાતો હોયની ! ચલાયમાન થતા પાંદડાથી જાણે નાચતો હોયની ! ત્હારા ગુણગણથી રક્ત ( અનુરાગી ) થઈ જાણે પ્રમુદિત થયો હોયની !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમવસરણમાંહી યોજને [2]જાનુ સુધી,
[3]સુમન સુમન[4] વેરે ડીંટડી જાસ ઉંધી;
ધ્વનિય પુનિત ત્હારો માલકોશાદિ રાગે,
મૃગથી પણ પીવાયો[5] ઉર્ધ્વકંઠે સુરાગે. ૨-૩

ધવલ શશિકરો શો ચામરશ્રેણી ચારુ,
મુખકમલ ઉપાસે હંસ પંક્તિ જ ધારૂં;
તું ધરમ કથતો સિંહાસનારૂઢ થાવે,
તહિં મૃગ સુણવા શું સિંહ સેવાર્થ આવે ? ૪-૫

દ્યુતિથી પરિવર્યો તું ચંદ્ર જ્યોત્સ્નાથી જાણે !
મુદ નયન-ચકોરોને દીએ તે પ્રમાણે;
નભમહિં ગરજંતો દુંદુભિ ઉગ્ર નાદે,
જગમહિં તુજ[6] આપ્તે પ્રાજ્ય[7] સામ્રાજ્ય ભાખે. ૬-૭.

ઉપર ઉપર ત્હારા પુણ્યઋદ્ધિ ક્રમો[8] શા,
ત્રિભુવન પ્રભુતા ત્રિ [9]આતપત્રો પ્રકાશે;
નિરખી ચમતકારી પ્રાતિહાર્યશ્રી ત્હારી,
અચરજ ન જ પામે કયો ય મિથ્યાત્વધારી ? ૮-૯.

॥ इति पञ्चमः प्रकाशः ॥

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

---

૨ ગોઠણપર્યંત. ૩ દેવતા. ૪ પુષ્પ.

૫ અત્રે ' પીવાયો ' શબ્દ હેતુપૂર્વક મૂકયો છે, કારણ કે તે પિપાસુની ઉત્કંઠા વ્યંજિત કરે છે. જેમ તૃષાતુર જલનો યોગ થતાં ઉત્કંઠાથી પાન કરે છે તેમ અપૂર્વ-અશ્રુતપૂર્વ એવી જિનવાણીનો યોગ મળતાં પિપાસુ એવા મૃગનાં પણ તે ઉત્કંઠિતપણે પીએ છે અર્થાત્ ઉત્સુકતાથી શ્રવણ કરે છે.

૬ આપ્ત=પ્રતીતિ યોગ્ય, વિશ્વસનીય, પ્રમાણભૂત પુરૂષ. સર્વ દેવસમાજ મધ્યે બહિરંગ અને અંતરંગ લક્ષણથી શ્રી વીતરાગ દેવ જ પરમ આપ્ત પુરૂષ છે, અને તેથી જ તે દેવસમૂહમાં તેમનું વિશાલ સામ્રાજ્ય વર્ત્તે છે; અર્થાત્ તે દેવાધિદેવ છે.

૭ વિશાલ.

૮ ક્રમ= ગલાં, અથવા પરંપરા-શ્રેણી પુણ્યઋદ્ધિની પરંપરા જેવી જે ઉપર ઉપર રહેલી છત્રત્રયી છે તે જાણે ત્હારી ત્રિભુવનની પ્રભુતા પ્રકાશી રહી છે.

૯ આતપથી રક્ષે તે આતપત્ર-છત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

( પ્રકરણ બીજું )

[ ગતાંક પૃષ્ઠ ૮૫ થી શરૂ ]

હવે આપણે વિશ્વ વિષયક મહત્ત્વના પ્રશ્નોનો વૈશેષિક મતની દ્રષ્ટિએ વિચાર કરીએ. ભૌતિક પદાર્થો પરમાણુઓથી બને છે એવી વૈશેષિક મતની માન્યતા છે આ માન્યતા પરમાણુઓમાંથી પદાર્થોની રચનાના સંબંધમાં આધુનિક વિજ્ઞાનની માન્યતાને સર્વથા અનુરૂપ છે. આધુનિક વિજ્ઞાન મુજબ પરમાણુઓના આશરે ૭૦ પ્રકાર છે. વૈશેષિક મતના સ્થાપક કણાદે પરમાણુઓના માત્ર ૪ પ્રકાર જણાવ્યા છે. આ ચાર પ્રકાર નીચે પ્રમાણે છેઃ—

(૧) ચક્ષુથી જ્ઞેય પરમાણુઓ.

(૨) સ્પર્શ કે હવામાનથી પારખી શકાય એવા પરમાણુઓ.

(૩) સ્વાદેન્દ્રિયથી ઓળખી શકાય તેવા પરમાણુઓ.

(૪) ઘ્રાણેન્દ્રિયથી જાણી શકાય તેવા પરમાણુઓ.

કોઈ પણ પ્રકારના પરમાણુઓમાંથી અવાજ નીકળતો નથી અર્થાત્ અવાજ કરવો કે કાઢવો એ પરમાણુઓનો ગુણ જ નથી એવી કણાદની માન્યતા હોવાથી કર્ણેન્દ્રિયથી જ્ઞેય પરમાણુઓ ન હોય એવો સ્પષ્ટ મત કણાદે વ્યક્ત કર્યો છે. સર્વ પ્રકારના નાદ આકાશમાં એક પ્રકારનાં સંઘર્ષણથી થાય છે એવું કણાદનું દ્રઢ મંતવ્ય છે.

આ ચાર પ્રકારના પરમાણુઓ રૂપી સત્ય દ્રવ્યોમાં પાંચ દ્રવ્યો ઉમેરીને પ્રમાણભૂત ગણાતાં કેટલાંક હિન્દુ શાસ્ત્રો વિશ્વમાં ૯ સત્યો હોવાનું નિદર્શન કરે છે. ચાર પ્રકારના પરમાણુઓ ઉપરાંત નિમ્ન પાંચ દ્રવ્યોનો હિન્દુ ધર્મશાસ્ત્રોમાં સત્ય દ્રવ્યો તરીકે સ્વીકાર થાય છેઃ—

(૧) આકાશ ( સૂક્ષ્મવાયુ ).

(૨) સમય.

(૩) દિક્ ( વસ્તુઓને અવગાહક શકિત ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) ચિત્ત.

(૫) આત્મા.

કણાદે આ નવે તત્ત્વો ( સત્ય દ્રવ્યો ) નો સ્વીકાર કર્યો છે. કપીલ ઋષિએ માત્ર બે તત્ત્વોનો જ સ્વીકાર કર્યો છે. તેમનાં માનેલાં પ્રકૃતિ અને પુરૂષરૂપ બે તત્ત્વો ૯ તત્ત્વોથી વિભિન્ન છે. પ્રકૃતિ એટલે ભૌતિક પદાર્થો અને નૈસર્ગિક બળોનું આદિ કારણ. જીવન કે ચેતનાની આદિ શક્તિ તે પુરૂષ. યોગમતમાં પણ આકાશ અને પ્રાણ એ બે તત્ત્વોનો જ સ્વીકાર કરેલો હોઇને, કપિલનો સિદ્ધાન્ત અને યોગમત તત્ત્વોની સંખ્યાની દ્રષ્ટિએ મળતા આવે છે.

વિશ્વમાં કેટલા પ્રકારના પરમાણુઓ, દ્રવ્યો અને બળોનું અસ્તિત્વ છે, એનાં જ્ઞાન માત્રથી ઘણા મનુષ્યોને સંતોષ નથી થતો. અદ્વૈતમતવાદની મહત્ત્વાકાંક્ષા પરિપૂર્ણ થાય એ ઉદ્દેશથી પરમાણુઓ આદિમાં એકતાનું અન્વેષણ એ આવા મનુષ્યોનું પ્રધાન ધ્યેય હોય છે. બુદ્ધિ સ્થૂલ દ્રષ્ટિએ કાર્ય કરતી હોય ત્યારે નવ તત્ત્વોની માન્યતાથી મનુષ્યને પ્રાયઃ સંતોષ થાય છે. નવ તત્ત્વોની પેલી મેર જવું એ સ્થૂલ બુદ્ધિ માટે અશકય પણ થઈ પડે છે. બુદ્ધિ સૂક્ષ્મ દ્રષ્ટિએ કાર્ય કરતી થાય, અધ્યાત્મ દ્રષ્ટિએ વિશેષ પ્રગતિ થાય તો માન્ય તત્ત્વોની સંખ્યામાં ઘટાડો થવાનો ઘણો જ સંભવ રહે છે. આ રીતે માન્ય તત્ત્વોની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો થતાં છેવટે પ્રકૃતિ અને પુરૂષરૂપ બે તત્ત્વોનું અભિગમન થાય છે. સાંખ્યમતવાદીઓ આ બે જ તત્ત્વોનો સ્વીકાર કરે છે. સ્થળ બુદ્ધિથી વસ્તુઓની નિરીક્ષા થાય ત્યાં સુધી અદ્વૈતમતવાદની પ્રાપ્તિ શકય નથી. સ્થૂલ દ્રષ્ટાને દ્રષ્ટા અને દ્રશ્ય વસ્તુમાં વિભેદ લાગે છે. સૂક્ષ્મ દ્રષ્ટાને દ્રશ્ય વસ્તુ અને દ્રષ્ટામાં કશોય ભેદ જણાતો નથી. કણાદ, કપીલ ઋષિ અને પતંજલી જેઓ અનુક્રમે વૈશેષિક, સાંખ્ય અને યોગ સિદ્ધાન્તોના સ્થાપકો હતા તેમણે વિશ્વનું નિરૂપણ સ્થૂલ દ્રષ્ટિથી કર્યું છે એમ સામાન્ય રીતે કહી શકાય. અદ્વૈતમતવાદમાં તેવું નથી. અદ્વૈતમતવાદમાં સૂક્ષ્મ દ્રષ્ટિનું જ પ્રાધાન્ય છે. આથી અદ્વૈતનો સિદ્ધાન્ત હિન્દુઓના અધ્યાત્મ શાસ્ત્રોમાં અગ્રસ્થાને છે. આ સર્વોચ્ચ ધર્મ સિદ્ધાન્તના સંબંધમાં સમર્થ તત્ત્વજ્ઞોએ પ્રશંસાના જ ઉદ્ગાર કાઢ્યા છે. સર ઓલીવર લોજે અદ્વૈતમતવાદની મુક્તકંઠે પ્રશંસા કરતાં જણાવ્યું છે કેઃ—

"અદ્વૈતમતવાદ એ સર્વ તત્ત્વજ્ઞાનોનું ધ્યેય છે. અદ્વૈતની સિદ્ધિ ગમે તેટલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્કર હોય છતાંયે તત્ત્વજ્ઞાનનું ધ્યેય એકતા ( અદ્વૈત ) છે એ નિર્વિવાદ રીતે સત્ય છે. અદ્વૈતનું અન્વેષણ કરવાને બદલે જે તત્ત્વજ્ઞાની વિશ્વમાં વિવિધ તત્ત્વો છે એમ માની એ તત્ત્વોના વિચારમાં નિમગ્ન રહે તેને એ પરસ્પર વિભિન્ન તત્ત્વોથી કે તેમનાં જ્ઞાનથી જરાએ સુખ નહિ થાય. તેનાં ચિત્તનું સમાધાન અશકય થઇ પડશે. આવા તત્ત્વજ્ઞાનીઓ પોતાનાં મંતવ્યમાં આખરે પરાસ્ત થાય એ નિઃશંક છે. અદ્વૈતમતવાદ સિવાય બીજાં કોઈ પણ અસત્ય મંતવ્યથી કોઇ પણ તત્ત્વજ્ઞાનીની પ્રતિષ્ઠા ચિરકાલ નભી શકતી નથી એમ અનુભવથી સિદ્ધ થયું છે. ”–( Life and matter )

આત્માનાં સત્ય જ્ઞાન નિમિત્તે બુદ્ધિનું સ્વરૂપ સૂક્ષ્મ બને અને બુદ્ધિથી આંતર નિરીક્ષણ જ થયા કરે તો એકતાની સિદ્ધિ શકય છે, એમ અદ્વૈતમતવાદીઓ માને છે. વેદાન્ત આંતર નિરીક્ષણને પ્રધાન સ્થાન આપે છે. આથી વેદાન્તની દ્રષ્ટિએ વિશ્વનું સ્વરૂપ કેવું છે તે ખાસ વિચારણીય થઇ પડે છે.

વેદાન્ત ઇન્દ્રિયોથી પરાધીન રહેવું એ ઇષ્ટ નથી એમ સ્પષ્ટ રીતે પોકાર કરે છે. ઇંદ્રિયોને પરાધીન રહીને પારતંત્ર્ય ભોગવવું એ વેદાન્તને માન્ય નથી. ઇંદ્રિયોને આશ્રય લઇને પરાયત્ત દશાનો અનુભવ કર્યા કરવો એ સામે વેદાન્તે પડકાર કર્યો છે. પરિસ્થિતિમાં પરિવર્ત્તનથી ઇંદ્રિયોની કાર્યશક્તિમાં પરિવર્ત્તન થાય છે અને એ રીતે ઇંદ્રિયો વિશ્વસનીય કે આશ્રયને પાત્ર નથી એવો વેદાન્તનો સ્પષ્ટ મત છે. ઇંદ્રિયોને કારણે રજ્જુમાં સર્પનો, વૃક્ષના થડમાં મનુષ્યનો અને છાયામાં ભૂતનો ભાસ થાય છે. ઇંદ્રિયોની શક્તિનું મિથ્યાત્વ આથી પ્રતીત થાય છે. વેદાન્તને ઇંદ્રિયોરૂપ બાહ્ય સાધનોમાં લેશ પણ શ્રદ્ધા નથી. ઇંદ્રિયોનું કાર્ય વેદાન્તને એક પ્રકારની પ્રતારણારૂપ લાગે છે.

વસ્તુની નિરીક્ષા જેવી રીતે કરવામાં આવે તે રીતે વસ્તુનું સ્વરૂપ જણાય છે. વસ્તુની નિરીક્ષા અનુસાર વસ્તુના સંબંધમાં અનુમાન થાય છે, અન્વીક્ષણ કાર્ય અને અનુમાન ઇંદ્રિયો અને ચિત્તની સ્થિતિ ઉપર આધાર રાખે છે. દા. ત. જે મનુષ્યને કમળો થયો હોય તે બધી વસ્તુઓ પીળી જ દેખે છે. વસ્તુ શું છે ? એટલે એનું આંતર સ્વરૂપ શું છે તેનું જ્ઞાન નથી થતું. વસ્તુના સંબંધમાં અમુક ભાવોનો અનુભવ મનુષ્યને પ્રાયઃ થાય છે. એ ભાવો અન્વીક્ષણનાં કાર્ય માટે એક અપરિપક્વ સાધનરૂપ છે. અન્વીક્ષણ અર્થાત્ વિશ્વનું અસ્તિત્વ આ રીતે ઇંદ્રિયોનાં કાર્ય ઉપર નિર્ભર રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બીજી રીતે કહીએ તો ચેતનાની ભિન્ન ભિન્ન સ્થિતિ ઉપર અન્વીક્ષણનો આધાર છે એમ પણ દ્રઢપણે માની શકાય. મહાન્ તત્ત્વચિંતક બકલીએ આ સંબંધમાં જણાવ્યું છે કે:—

"વિચારો, મનોવિકારો આદિનું અસ્તિત્વ ચિત્તની બહાર ન હોઇ શકે એમ સર્વ કોઈ માને છે. ઇંદ્રિયોના જુદા જુદા ભાવો પણ ચિત્તથી પર ન હોઇ શકે એ સ્પષ્ટ વાત છે. ચેતનપ્રાણીનાં અસ્તિત્વનું રહસ્ય પ્રાપ્ત કરનારને વિચારો આદિની ચિત્તમાં અંતભૂર્તતાનો સહજ ખ્યાલ આવી શકે એમ હું માનું છું. કોઇ વસ્તુનું અસ્તિવ હોય એટલે એ વસ્તુ જડ હોય તો દેખી શકાય છે. તે સંબંધી મનુષ્યના ચિત્તમાં અનેક પ્રકારના ભાવો આવે છે અનેક વસ્તુઓ આપણે નિરખીએ છીએ, અનેકનો સ્પર્શ કરીએ છીએ. અને અનેકની વાસ પણ લઇએ છીએ. આ સર્વ વસ્તુઓ જે આપણે જોઇએ છીએ કે જેનો આપણે સ્પર્શ કરીએ છીએ તે વસ્તુતઃ એક પ્રકારના ભાવ કે વિચારરૂપ નથી તો બીજું શું છે? કોઈ પણ વસ્તુ એવી નથી જેનો અન્વીક્ષણ કાર્ય નિમિત્તે વિચારથી વિભેદ પાડી શકાય. વસ્તુનાં નિરીક્ષણ આદિમાં વસ્તુનો ભાવ જરૂર હોય છે. નિરીક્ષણ આદિમાં વસ્તુનો ભાવ અસંભાવ્ય નથી. વસ્તુ અને તેના ભાવનો વિચ્છેદ કલ્પનાતીત થઇ પડે છે."—(Principles of Human Knowledge.)

અન્વીક્ષણ કાર્ય અર્થાત્ દ્રષ્ટિગમ્ય વિશ્વનું જ્ઞાન આ રીતે ઇંદ્રિયોની કાર્યશક્તિ ઉપર નિર્ભર છે એમ સુપ્રતીત થાય છે. ચિત્તની જ્ઞાનશક્તિને અભાવે અન્વીક્ષણ કાર્ય શકય નથી જગતનું અસ્તિત્વ નિરીક્ષણમાં જ હોવાથી જગત્ એક સ્વપ્ન સમાન છે. જે વસ્તુનું અસ્તિત્વ પરકીય નિરીક્ષણ ઉપર નિર્ભર હોય તે સત્ય વસ્તુ ન હોઇ શકે એવો વેદાન્તનો સ્પષ્ટ મત છે. વિશ્વ આ રીતે સ્વાયત્ત માની શકાય નહિ. આથી તેનું વાસ્તવિક અસ્તિત્વ કલ્પી શકે નહિ. ચેતના (અન્વીક્ષણ શક્તિ) એ જ ખરી શક્તિ છે. ચેતનાથી જ સર્વ વસ્તુઓનું યથાર્થ જ્ઞાન થઈ શકે છે. ચેતનાનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ છે. વિશ્વ નામ અને રૂપયુક્ત એક પ્રકારની માયા છે એમ વેદાન્ત માને છે. વેદાન્તને અખિલ વિશ્વ સાવ ભ્રમરૂપ લાગે છે. ભૌતિક પદાર્થ એટલે કાલ્પનિક વિશ્વનું કાલ્પનિક દ્રવ્ય એમ વેદાન્તની દ્રષ્ટિએ કહી શકાય. આ કાલ્પનિક દ્રવ્યનું અસ્તિત્વ દ્રષ્ટાનાં ચિત્તથી પર ન હોઈ શકે. ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

[ રા. સુશીલ ]

## જૈન રાજાનું ક્ષાત્રતેજ

"રાષ્ટ્રકૂટ અને તેમનો સમય" એ નામનું એક પુસ્તક શ્રી એ. એસ અલતેકરે, બહુ સંશોધનને પરિણામે પ્રકટ કર્યું છે. કેટલાક રાષ્ટ્રકુટીય રાજાઓએ જૈન ધર્મનું શરણુ લીધું હતું અને રાજા જૈન ધર્મ અંગીકાર કરે એટલે એનું ક્ષાત્રતેજ નાશ પામે એ પ્રકારનો લોકાપવાદ સર્વથા નિર્મૂલ છે એમ એ રાજાઓએ પોતાની યુદ્ધતત્પરતાથી પૂરવાર કરી આપ્યુ હતું. શ્રી અલતેકરના પુસ્તકના વાંચનથી એક મધ્યસ્થને પણ જૈન રાજાઓના ક્ષાત્રતેજની પ્રતીતિ થયા વિના ન રહે. 'કેસરી' પત્રના સમાલોચકે, પોતાની આ પુસ્તક સંબંધી સમીક્ષામાં પણ એ જ અસર વર્ણવી છે;

"જૈન ધર્મની સાથે અહિંસાનો પ્રચાર થઇ રહ્યો હતો અને સમાજમાંથી "યુદ્ધની ઇર્ષા લુપ્ત થતી હતી, પણ દક્ષિણ દેશમાં એની બહુ અસર નથી "દેખાતી. ઉત્તર હિંદમાં અને કાઠિયાવાડમાં પણ :જ્યારે યુદ્ધવિમુખતા "પ્રવર્ત્તતી હતી ત્યારે દક્ષિણની પ્રજા, પોતાના રાજાની સાથે યુદ્ધના મેદાનમાં 'જઇ, શત્રુને પોતાનું શૌર્ય બતાવવા ખડે પગે તૈયાર રહેતી. પહેલો અમો- "ઘવર્ષ તથા બીજો નરસિંહ, પાકા જૈન ધર્મી હતા, છતાં એમણે સેંકડો લડાઇ- "ઓમાં તલવારનું પાણી બતાવ્યું હતું. બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મમાં જો કે "અહિંસા ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે, તો પણ બૌદ્ધો સિંધમાં 'મહમદ કાસીમ આગળ જ્યારે નમી જતા જણાય છે ત્યાર જૈનો 'અણનમ રહે છે."

[– કેસરી : ૨૦ મી ઓગસ્ટ ૩૩ ]

અહિંસાના પાલનથી ક્ષાત્રતેજ કટાઇ જાય એ એક ભ્રાંતિ છે. અહિંસા અથવા જૈન ધર્મના પ્રભાવને આગળ વધતો રોકવાનો એ એક છળ છે. અમોઘવર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા નરસિંહ જેવા રાષ્ટ્રકુટીય રાજાઓએ સમરાંગણમાં જઈ જે વીરત્વ દાખવ્યું છે તે જ તેના ઉજ્જવલ પૂરાવા આપણી આગળ રજુ કરે છે.

રાષ્ટ્રકુટીય જૈન રાજાઓના સમયની પરિસ્થિતિ બીજી રીતે પણ ઘણી સુખમય હતી. સમાલોચક કહે છે તેમ એ દયાળુ રાજાઓ, પ્રજા પાસેથી ઓછામાં ઓછા કર લેતા. પ્રજાને એ કર ભારરૂપ ન થાય તેટલા માટે ત્રણ–ત્રણ હપતા પાડતા અને એકંદરે ખેડુતની પાસેથી માત્ર એક–પંચમાંશ મહેસુલ વસુલ કરતા. નોકરોને નિયમિતપણે પગાર મળતા. રાજા ઉપર મંત્રીઓની બુદ્ધિનો અંકુશ રહેતો. ગામડાઓમાં ગ્રામપંચાયતો ચાલતી રાજા કે મંત્રી એમાં દરમ્યાનગીરી કરી શકતા નહીં. પ્રજા સુખી અને શુરવીર હતી.

રાષ્ટ્રકૂટોના સમયમાં યજ્ઞયાગનું પ્રાબલ્ય છેક નરમ પડ્યું. જૈન સંસ્કૃતિના વિજયનું અને વૈદિક અધિકારવાદના પરાભવનું એ એક મ્હોટું ચિન્હ લેખાય. યજ્ઞવાદના સ્થાને ભકિતમાર્ગનો ઉદય એ જ વખતે થતો દેખાય છે. કાળ વીતતો ગયો તેમ એ ભકિતવાદની અતિશયતાના જૈન શાસનને પણ છાંટા ઉડ્યા.

શુદ્ધિકરણના પાયા પણ આ જૈન નૃપતિઓ–રાષ્ટ્રકૂટોના સમયમાં રોપાયા. દેવલ–સ્મૃતિ, કે જે શુદ્ધિકરણના પ્રમાણભૂત ગણાય છે તે આ સમયમાં અસ્તિત્વમાં આવી. જોરજુલમથી જો કોઈને મુસલમાન ધર્મમાં વટલાવવામાં આવ્યો હોય તો તે વીસ વરસની અંદર પાછો હિંદુ થઈ શકે એવું વિધાન એ સ્મૃતિકારે નિરૂપ્યું. મ્હોટે ભાગે, મુસલમાનોએ જે સ્ત્રીઓને વટલાવી હતી તેમણે ફરી હિંદુધર્મનો આશ્રય લીધો.

એકંદરે, રાષ્ટ્રકૂટો બીજા રાજવંશો, જેવા કે ચાલુક્ય, પ્રતિહાર આંધ્ર વિગેરે કરતા વધુ પ્રબળ હોય એમ લાગે છે. રાષ્ટ્રકૂટોએ લગભગ બસો–સવા બસો વરસ સુધી દક્ષિણમાં એકાધિપત્ય વર્તાવ્યું. ત્રણ–ત્રણ વાર એમણે વિંધ્યાચળને ઓળંગી શત્રુના મ્હોમાં તરણું લેવરાવ્યું. રાષ્ટ્રકૂટવંશના જૈન રાજાઓએ એક યા બીજી રીતે, જૈનત્વની સાથે ક્ષાત્રતેજ કેવું સંકળાયેલું રહે છે તે ઇતિહાસના અક્ષરોમાં આલેખ્યું.

## શ્રી નિંબાર્કાચાર્યની મુનિભક્તિ.

વૈષ્ણવ સંપ્રદાયની નિમાત્–શાખાના પ્રવર્ત્તક તરિકે શ્રી નિંબાર્કાચાર્ય બહુ વિખ્યાત છે. ન્હાનપણમાં તેઓ ભાસ્કરાચાર્ય નામે ઓળખાતા. તેઓ વૃંદાવનની પાસે એક ધ્રુવ નામના પહાડ ઉપર આશ્રમમાં રહેતા. એમનો સમય લગભગ બારમી સદીનો મનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વખતમાં વૈષ્ણવ અને જૈન-નિર્ગ્રંથ સાધુ પરસ્પરમાં કેટલી ઉદારતા તથા સદ્‌ભાવ દાખવતા તે આ નિંબાર્કાચાર્યના એક જીવન-પ્રસંગ ઉપરથી પૂરવાર થાય છે. વૈષ્ણવો અને જૈનો વચ્ચે એ વખતે ઠીક ઠીક સંઘર્ષણ જામ્યું હતું-જૈનોને પોતાના કેટલાંક મહત્ત્વનાં સ્થાન ખાલી કરવાનો વખત આવી લાગ્યો હતો, છતાં ખૂબી એ છે કે ખરેખરા તપસ્વીઓ અને પ્રવર્ત્તકો એક-બીજા પ્રત્યે મિત્રભાવ બતાવવામાં કોઇ જાતની કૃપણતા બતાવતા ન્હોતા.

એમ કહેવાય છે કે એક દિવસે એક જૈન મુનિ વિહરતાં-વિહરતાં શ્રી નિંબાર્કાચાર્યના આશ્રમ પાસે આવી પહોંચ્યા. સૂર્યાસ્તને હજી વાર હતી. જૈન મુનિ અને વૈષ્ણવ આચાર્ય, શાંતિથી શાસ્ત્રવિચાર કરવા બેઠા.

ચર્ચામાં એટલો બધો વખત નીકળી ગયો કે સૂર્યાસ્ત થવા આવ્યો. શ્રી નિંબાર્કાચાર્યને પણ લાગ્યું કે પોતાને ત્યાં આવા સંયમી સાધુ પધારે અને એમનું યોગ્ય આતિથ્ય ન થાય તો પોતાની સેવાપરાયણતા લજવાય.

"મહારાજ" શ્રી નિંબાર્કાચાર્યે ચર્ચાને મુલતવી રાખી જૈન મુનિને સંબોધી કહેવા માંડયું : "આપના આહાર-પાણી માટે શી જોગવાઇ કરૂં ?"

"એવી કઇ જ ખટપટ કરવાની જરૂર નથી. જ્ઞાનચર્ચા ચાલતી હોય ત્યાં આહાર-પાણી ભૂલી જવાય એ સ્વાભાવિક છે. અને જ્ઞાન પોતે જ શું આત્માનો આહાર નથી ?" જૈન મુનિએ જવાબ આપ્યો.

ગમે તેમ પણ આહાર તો લેવો જ પડશે એવો આગ્રહ થતાં, મુનિ-રાજે આથમતા સૂર્ય તરફ દૃષ્ટિપાત કરી સૂચવ્યું કે જૈન મુનિઓ સૂર્યાસ્ત પછી આહાર લઈ શકતા નથી સૂર્યાસ્ત બાદ એમનાથી પાણી પણ પી શકાય નહીં.

શ્રી નિંબાર્કાચાર્ય મુંઝાયા. સૂર્ય પણ જાણે કે પોતાના અશ્વોને વેગ-પૂર્વક દોડાવી રહ્યો હોય એમ લાગ્યું. હવે શું થાય ? પોતાના આશ્રમે આવેલા જૈન મુનિ આહાર વિના ભૂખ્યા-તરસ્યા પડી રહે ?

વિચાર કરવાનો પણ પૂરો અવસર ન હતો. ખરેખરો કસોટીનો સમય આવેલો જોઇ, એમ કહેવાય છે કે શ્રી નિંબાર્કાચાર્યે પોતાની યોગવિદ્યાનો ઉપયોગ કર્યો-નીચે ઉતરતા જતાં સૂર્યને પશ્ચિમ દિશામાં એમ ને એમ થંભાવી દીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ જીવનની વિશાળતા.

અનુ૦—અભ્યાસી.

માનવજીવન અનોખું છે, અલભ્ય છે, દેવદુર્લભ છે, સર્વશ્રેષ્ઠ છે. એ વાત ઘણે ભાગે સઘળા બુદ્ધિમાન લોકો કહે છે, સાંભળે છે અને ધર્મશાસ્ત્રોમાં વાંચે છે. માનવજીવન જ એક એવું અમૂલ્ય રત્ન છે કે જેના દ્વારા આપણે સઘળાં પરમ દુર્લભ પદાર્થ પ્રાપ્ત કરી શકીએ છીએ. મનુષ્યને સર્વાંગપૂર્ણતા, વ્યવહારકુશળતા તથા બીજા અત્યંત જરૂરી ઉપકરણો સિવાય એક એવી અલૌકિક મહાન્ શક્તિ આપવામાં આવી છે કે જે દ્વારા તે માનવજીવનને જ વિશાળ બનાવતાં બનાવતાં અખિલ વિશ્વવિધાયકને પણ વશ કરી શકે છે. એ મહાન શક્તિ માનવદેહ ધારીઓ સિવાય બીજાના ભાગ્યમાં નથી. ઈશ્વરકૃપાથી જે મળે તે શક્તિનો સદુપયોગ કરવાનું આવડી જાય છે, તે છેવટે આનંદ-સ્વરૂપ બની જાય છે અને જગતના દ્વન્દ્વોથી, માર્મિક વિઘ્ન બાધામાંથી હંમેશને માટે સર્વથા વિમુક્ત થઈ જાય છે.

મન, બુદ્ધિ તથા ઈન્દ્રિયોને સન્માર્ગે ચલાવવા માટે જેઓમાં આત્મબળ છે, જેઓ જ્ઞાનપૂર્વક પોતાનું સર્વસ્વ પ્રભુચરણોમાં ન્યોચ્છાવર કરીને ભગવચ્છરણ ગતિનું દૃઢ અવલંબન ગ્રહણ કરે છે, જેઓ પ્રભુપ્રેમાસવના મીઠા તથા મસ્તાન રસનું પેટ ભરીને પાન કરે છે, જેઓ આત્મસ્વરૂપ તથા પર-

---

"આપ જ્યાં સુધી આહાર–પાણી ન પતાવો ત્યાં સુધી આ સૂર્ય રાહ જોતો ઉભો રહેશે." શ્રી નિંબાર્કાચાર્યે કહ્યું. મુનિરાજ આહાર–પાણી વહોરી લાવ્યા અને વાપરી પણ લીધું. સૂર્યને પોતાના અસ્તાચળે જવાની અનુમતિ મળી.

સૂર્ય જે સ્થળે થંભી રહ્યો તે સ્થળે એક લીંબડાનું ઝાડ હતું—લીંબડાના ઝાડની ટોચે જ સૂર્યે વિશ્રામ કર્યો. એને લીધે એમનું નામ, તે દિવસથી, નિંબાર્ક અથવા નિંબાદિત્ય પડયું.

નિંબાર્ક નામની સાથે એક વૈષ્ણવ આચાર્યની જૈન મુનિભક્તિ ચિરસ્મરણીય બની રહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સ્વરૂપ યથાર્થ રીતે જાણે છે, બાહ્ય જગતના નશ્વર પદાર્થો ઉપરથી જેઓનું ચિત્ત ઊઠી ગયું છે તથા આંતરિક આનંદ અનુભવવા માટે જે પૂરેપૂરા લાયક હોય છે, તે જ ભાગ્યશાળી ભક્ત શ્રેષ્ઠ પુરૂષ વર્ણનાતીત, દિવ્ય, અલૌકિક આનન્દનો સાક્ષાત્ ભોક્તા બને છે.

ભાઈઓ, એકાન્તમાં બેસીને શાંત ચિત્તે તમારા જીવનના યથાર્થ ધ્યેયનો વિચાર તો કરો; આંતરિક શોધ તો કરો; જરા જુઓ તો ખરા તમારા હૃદયમંદિરમાં કેવી કેવી અનોખી વસ્તુઓ ભરી છે. પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ, શીલ, સંતોષ વગેરે દૈવી ગુણોનો કેવો અનોખો ખજાનો છે? અજ્ઞાનના ગાંઢ અંધકારમાં છૂપાઇ રહેલા પ્રભાકરને જાણવાની કોશીશ તો કરો. એમ કરવાથી તમને કર્તવ્યાકર્તવ્યનું શુદ્ધ જ્ઞાન થશે. અજ્ઞાનની, દુઃખોની, સંકટોની ગાઢ ઘટાઓ છિન્નભિન્ન થઇ જશે. હૃદયભવનના ખૂણે ખૂણે પ્રકાશ ફરી વળશે. દુર્દમનીય દુર્ગુણ દળનો સરદાર પોતાના સૈનિકો સાથે હારીને ભાગી જશે. તમારી જીવનધારાનું અનુચિત વહન પલટાઇ જશે. શરીરમાં સાચા જીવનનો સંચાર થશે. સદ્ગુણોનો વિકાસ થશે, છેવટે સત્ય શ્રદ્ધાના પ્રભાવથી પરમ તેજસ્વી, જ્ઞાનના ભંડાર, આનન્દના સાગર આત્માનો તેમ જ અન્તર્યામી પરમાત્માના સાક્ષાત્ દર્શન પ્રાપ્ત કરીને કૃતાર્થ બની જશો.

આજકાલ માનવજીવનની વિશાળતા ખરાબ રીતે નષ્ટ થઇ રહી છે. સંસારમાં સ્વાર્થનું આધિપત્ય છે. સ્વાર્થના સામ્રાજ્યમાં સાધુપુરૂષોનો તથા સુંદર સદ્ગુણોનો ગુજારો જ નથી. આજે તો સ્વાર્થની સત્તા જ સ્વતંત્રરૂપે પોતાની ધાક જમાવી બેઠી છે. આજના સમયમાં, આજના જગતમાં, આજના વાતાવરણમાં તથા આજના મહદાકાશમાં સ્વાર્થ લહરીનો ઘોર ઝણકાર થઇ રહ્યો છે. સ્વાર્થનો ભયાનક નાદજ અણુઅણુમાં વ્યાપ્ત થઇ રહેલો છે તેનું તાંડવ મચી રહ્યું છે. પરમ પવિત્ર ઈશ્વરીય અંશો (આત્માઓ) સ્વાર્થના ગાઢ અંધકારમાં ઢંકાઇ ગયા છે. મિત્રો! કયાં સુધી આ પ્રમાણે સડ્યા કરશો? માનવજીવનની મહાન શક્તિને ઉપયોગમાં કેમ નથી લાવતા? યાદ રાખો કે એ શક્તિ માનવદેહ સિવાય બીજે કયાંય કદી પણ તમને સહાય નહિ કરી શકે. જુઓ, સ્વાર્થ તમારા જીવનક્ષેત્રને સંકુચિત બનાવી રહેલ છે. સ્વાર્થમય નીચ પ્રવૃત્તિ તમને નીચે ધકેલી રહેલ છે. સ્વાર્થ તમારી માનવતાનો વિનાશ કરી રહેલ છે. માનવજીવન સાર્થક કરવું હોય, રાક્ષસને બદલે દેવ બનવું હોય, સ્વર્ગનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવું હોય. તો સ્વાર્થાંધતાનો સર્વથા પરિત્યાગ કરી દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયને ભક્તિભાવનાથી ભરી દો, સંકુચિત વિચારોની સૃષ્ટિનો સંહાર કરો અને લાગી જાઓ સંપૂર્ણ ભાવથી સર્વેશ્વરના પરમ શુભ નામસ્મરણમાં.

જગત્ અંધકારમાં પડેલું છે, જગતની નજર સામે મહાન્ અંધકાર છવાઈ રહેલ છે, જગત્‌ના મનુષ્યો પોતાની મહાનતા ભૂલી જઇને અંધકારમાં ખરાબ રીતે ગોથાં ખાય છે. તેઓ પાંચભૌતિક દેહને જ સર્વસ્વ ( આત્મા ) માની બેઠેલ **છે**, સ્વાર્થરૂપ તસ્કરે તેઓનું જ્ઞાન હરી લીધું છે, તેઓની બુદ્ધિ સ્વાર્થના આક્રમણોથી અટકી ગયેલી છે, ઇન્દ્રિયો વિષયો તરફ દોડી રહેલ છે, મન પણ કાબૂમાં નથી. મોટે ભાગે સર્વ લોકો સાંસારિક સુખોની તૃષ્ણા–જાળમાં ફસાઇ ગયા છે, શરીરની નશ્વરતાનું જ્ઞાન ભૂલાઇ ગયું છે, માયિક વિકારોના સંસર્ગથી પોતાની જાતને વિકારી સમજી રહેલ છે; પરંતુ યાદ રાખો; તમે નિર્વિકારી છો, આત્મા ઇશ્વરનો અંશ છે, તેનામાં કદી પણ કોઇ પ્રકારની વિકૃતિ પેદા નથી થઈ શકતી. શરીર જ આત્માને વિકારી બનાવી રહેલ છે. મન, બુદ્ધિ તથા વિષયલોલુપ ઇન્દ્રિયો વિકારી જગતની રચના કરે છે તથા આત્માને પોતાની જાળમાં ફસાવવાની ચેષ્ટાઓ કરે છે, પરંતુ આત્મા પોતાના સ્વરૂપને સારી રીતે જાણી લે છે ત્યારે તે માયાજાલને તોડી–ફોડીને વિમુક્ત થઇ જાય છે, પોતાના નિત્યનિકેતન પ્રભુધામની પ્રાપ્તિ માટે અત્યંત ઉત્કંઠાવાળો બને છે, સત્વર ભગવચ્છરણ થઈ જાય છે અને માનવજીવનને સાર્થક કરીને જગત્‌માં મહાન્ આદર્શ ઉપસ્થિત કરે છે.

આત્માનું વિશાળક્ષેત્ર માનવજીવન આજકાલ કેટલું સંકુચિત થઇ ગયું છે? મનુષ્યજીવનની એ અપરિમિત વિશાલતા (જીવનમર્યાદા) આજકાલ કેટલી અલ્પ જણાય છે? તે સૌનો સમ્રાટ આત્મા આજકાલ કેવા બંધનોમાં બંધાઈ ને કારાવાસની અસહ્ય વેદનાઓ ભોગવી રહેલ છે? આશ્ચર્ય તો એ છે કે આવી દર્દભરી સ્થિતિમાં પણ તે પોતાને સુખી સમજી રહેલ છે. માનવજીવનની એ અલ્પતા આત્માને જન્મ–મરણના બંધનોમાં વારંવાર જકડીને તેના ક્ષેત્રને વધારે ને વધારે સંકુચિત કરી રહેલ છે. અત્યારે તો એ સંસારમાં એવો ફસાઇ રહેલો છે કે તેને એ દુઃખોથી છૂટકારો પામવાનું પણ નથી સુઝતું, જગત મારૂં, આ શરીર મારૂં, આ સગાસંબંધી મારા, આ ધન, જન, ઘર, પરિવાર મારા–એવા મારા–તારાના ફેરામાં પોતાના સર્વસ્વથી એ હાથ ધોઇ બેઠેલ છે. ભગવલ્લોક મારો લોક છે, પ્રભુપાર્ષદ મારા પરિવારના લોકો છે, ભગવત્પ્રાપ્તિ મારૂં ધ્યેય છે, ભગવત્કિંકરતા મારૂં કર્તવ્ય છે, એ પ્રકારનું શુદ્ધ જ્ઞાન તો આજકાલ આત્મા ભૂલી ગયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંઘાડામાં..........ઐક્ય.

કેવો સુંદર શબ્દ ! એમાં રહસ્ય પણ તેવું જ. એના વડે જ કાર્યસિદ્ધિ છતાં હૃદયના સાચા ભાવ સિવાય એ ન સંધાય. માન્યતા પર મુસ્તાક રહેનાર ભાગ્યે જ એ સાધી શકે. નમતું મૂકવાની વૃત્તિ વગર એના દર્શન દુર્લભ !

શ્રી આત્મારામજી મહારાજના સંઘાડામાં ઐક્ય થાય એ જૈનસમાજની પ્રત્યેક વ્યક્તિ ચાહે અને તેમાં પણ શતાબ્દિ પ્રસંગે થાય એ તો સોનું ને

---

અફસોસની વાત છે કે જેઓને એટલું પણ જ્ઞાન નથી, જેઓ આ પ્રકારના બંધનોથી જકડાઇ રહેલા છે, જેઓ એક ઘડી પણ પ્રભુસ્મરણ નિશ્ચિંત થઇને નથી કરી શકતા, જેઓ પોતાનું કશું પણ શ્રેય નથી સાધી શકતા તે લોકો દેશનું શું ભલું કરવાના ? સમાજનું શું હિત કરવાના ? ભવાટવીમાં ભૂલા પડેલા મુસાફરોને શું સન્માર્ગ બતાવી શકવાના ? તેઓ પોતે જ રખડતા ફરે છે.

દેશના પ્રાણપુરૂષો ! સ્વાર્થની મર્યાદિત સીમા ઓળંગીને માનવજીવનની વિશાળતાનો અનુભવ કરો અને કૂદી પડો રણક્ષેત્રમાં, ઈશ્વરને નામે દેશ, સમાજ, ધર્મની ખાતર હસતે મોઢે પોતાની–સેવાની પુષ્પાંજલિ ચઢાવો. એનાથી તમારૂં નામ અમર થઈ જશે. તમારો સંસાર બદલાઇ જશે. તમને ચારે તરફ શાંતિ તથા આનંદની લહરીઓ જણાશે. યાદ .રાખો, જે પોતે સુધરે છે તે જ બીજાને સુધારી શકે છે; જે પોતે પોતાનું કલ્યાણ કરે છે તે જ બીજાનું કલ્યાણ કરી શકે છે. જેઓ પોતાને ઇશ્વરના કૃપાપાત્ર માને છે. જેઓને પ્રભુચરણોની કૃપાનો પૂરેપૂરો દઢ આધાર છે તેઓ જ સાંસારિક જીવોને ભગવાનની કૃપાનું આશ્વાસન આપીને તેઓને ભગવન્મય બનાવી શકે છે. જો તમે પ્રભુનું શરણ ગ્રહી લેશો, તેનામાં જ શ્રદ્ધા રાખશો, તો તેની અપ્રતિમ શકિતવડે તમારી સાથે ઘણાનો ઉદ્ધાર કરી શકશો. તમે અમર થઇ જશો, તમારૂં નામ અમર થશે, તમારી કીર્તિ અમર થશે, તમે સંસારમાં આદર્શપુરૂષ ગણાશો અને તમારા જીવનને આદર્શ માનીને જે લોકો તમારૂં અનુગમન કરશે તેઓ પણ અમરપદ પ્રાપ્ત કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુગંધ મળ્યા જેવું ગણાય તેથી તો એ સંબંધી લખાય છે અને બોલાય છે. એટલે જ એ સંબંધમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના પાયધુની પર આવેલ શ્રી આદીશ્વરજીની ધર્મશાળામાં ગત કારતક વદ ૭ ને રવિવારની જૈનોની જાહેર સભામાં પ્રમુખસ્થાનેથી ઉચ્ચરાયેલા ઉદ્‌ગારો પ્રાસંગિક છે એટલું જ નહિં પણ સામા પક્ષે તેમ જ જૈન આગેવાનોએ મનન કરવા યોગ્ય છે.

'શતાબ્દિ સફળ કેમ બનાવી શકાય?' એ વિષયનો ઉપસંહાર કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે—ગુરૂદેવના શિષ્યોમાં એક્તા સાધવાની વાત જે અહીં કહેવામાં આવી છે એ સંબંધમાં મેં પૂર્વે શ્રી ગોડીજી મહારાજના તેમ જ કોટના ઉપાશ્રયમાં કહેલું હોવા છતાં આજે મુંબઈ છોડતાં પહેલાં એક વાર વધુ કહું છું. હું સંપનો ચાહનારો છું. એ સંબંધમાં મારા હૃદયમાં કેવા ભાવો છે એ તો જ્ઞાની ભગવાન જ જાણી શકે, છતાં એટલું તો વિના સંકોચે કહી શકું કે અત્યારસુધીના મારા જીવનમાં મારાથી બનતા પ્રયત્ને મેં જ્યાં જ્યાં વિહાર કર્યો છે ત્યાં ત્યાં જામેલા કલેશો મીટાવી સંપ કરાવ્યો છે. મારા નિમિત્તથી કુસંપ જન્મે એવું કાર્ય થવા દીધું નથી. એ વાત તો હજુ ગઈ કાલની છે કે સંઘાડામાં ઐકય થાય એટલા સારૂં હું અમદાવાદમાં **વયમાં તેમ જ દીક્ષાપર્યાયમાં** વૃદ્ધ હોવા છતાં ઊઠીને સામો વિદ્યાશાળાના ઉપાશ્રયે મળવા ગયો હતો, પણ પરિણામ કંઈ ન આવી શક્યું. એ ઉપરથી સહુ જ અનુમાની શકાશે કે સંપ માટે માત્ર એક પક્ષની તાલાવેલી કામ નથી આવી શકતી ઉભયની એ માટે તમન્ના જોઇએ છે. હું સંઘને એક વાર પુનઃ જણાવું છું કે જેમ તમારા શ્રાવકોના ઝઘડા મેં પતાવી આપ્યા છે તેમ તમો અમારા સાધુઓના ઝઘડા પતાવી આપો, કારણ કે શ્રાવકો અને સાધુઓનો સંબંધ નાના-મોટા ભાઇઓ જેવો છે. સંઘના દશ પ્રતિષ્ઠિત ગ્રહસ્થો ધારે તો એ વાત અશકય નથી જ. અલબત્ત એની પાછળ પ્રયાસ કરવો જોઇએ. એ સંબંધમાં મારા તરફથી કબૂલાત આપું છું કે સંઘના દશ પ્રતિષ્ઠિત ગ્રહસ્થો જે નિર્ણય કરી લાવે તે મારે કબૂલ છે. આ મારો સહીસાથનો કોરો ચેક સમજો. અગર હું વિહારમાં હોઉં તો પાટણમાં પૂજ્ય કાન્તિવિજયજી મહારાજ છે તે જે કરે તે મારે કબૂલ છે. અત્યારસુધી હું તેમને મારા વડિલ તરિકે માનતો આવ્યો છું. તેઓશ્રી આત્મારામજી મહારાજના હસ્તદીક્ષિત શિષ્ય છે અને તેમના દ્વારા આ કાર્ય સધાય તો શતાબ્દિનો પ્રસંગ વધુ શોભે. પણ આ સાથે એક વાતની યાદ આપું. ઉભય પક્ષનું સાંભળી ન્યાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોલનાર જે દશ ગ્રહસ્થો નિમાય તેઓ નિષ્પક્ષ હ્રદયના અને સમાજમાં જેમનો ભાર પડતો હોય તેવા હોય તો જ કામ થશે. મારી કે સામાની શરમમાં તણાયા વગર પોતાને જે સાચું જણાય તે વિના સંકોચે કહી શકે તેવા હશે તો જ કાર્યસિદ્ધિ થશે; નહિં તો મારા મુંબઈના આગલા ચોમાસા વેળા પંદર સભ્યોની સુલેહસમિતિ નિમાયેલી ને પાછળથી રડી ઊઠેલી તેના જેવું થશે. એ સમિતિ મારી પાસે શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં આવી એક વાત કહી ગઇ તે વાત લાલબાગમાં ન કહી શકી. અરે ! પંદરમાંથી તેર સભ્યોને બહાર રાખી માત્ર બે જ મહારાજ પાસે ગયા અને કંઇ કર્યા વગર પાછા આવ્યા. એટલે રાગી આગેવાનોનું આ કામ નથી. તટસ્થ વૃત્તિવાળા ને દ્રઢ મનોબળવાળા આગેવાનોનું આ કામ છે. અહીં જ સંઘસત્તાનો પરચો કામ આવે છે. સંઘે નિયુક્ત કરેલા પ્રતિષ્ઠાસંપન્ન ગ્રહસ્થોના નિર્ણયને માન આપવામાં સાધુઓને નાનમ ન જ હોય; એમાં તો સંઘનું ગૌરવ સમાયેલું છે. એ જ સંઘસત્તા કહેવાય છે. આજે જે સ્થિતિ પ્રવર્તે છે તે એ સત્તાની છિન્નભિન્નતાને આભારી છે. સંઘે જાગ્રત બની આ કાર્ય હાથ ધરવા જેવું છે. નિરાશ થવાની જરૂર નથી. આજે તટસ્થવૃત્તિના ગૃહસ્થો અમદાવાદ આદિ સ્થળેથી મળવા દુર્લભ નથી. માત્ર પ્રયાસની જરૂર છે. વાતોથી ન મળે. આ હ્રદય-સ્પર્શી નિવેદનમાં જે ભાવ સમાયેલો છે એ વિચારણીય છે. સંઘના મુખીઓ ધારે તો સંઘાડાનું ઐક્ય શક્ય છે. એ પૂર્વે જેમ શ્રી વલ્લભસૂરિએ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે તેમ શ્રી દાનસૂરિએ કરવી ઘટે. હ્રદયની નિર્મળતા વિનાં એ વાત શક્ય નથી.

મને તો વિનયપ્રધાન જૈનધર્મમાં આટલે સુધી જવાની જરૂર પણ નથી જણાતી. સંઘાડામાં શ્રી કાન્તિવિજયજી જેવા વૃદ્ધ મહારાજ બેઠા હોય ત્યાં સુધી બીજી લપમાં પડવાની શી જરૂર ? એમનો નિર્ણય એ છેવટનો ગણવો જોઇએ. વૃદ્ધના બહુમાન એ તો જૈનશાસનમાં મુદ્રાલેખ છે. ખૂદ આત્મા-રામજી મહારાજે આચાર્યપદવી પ્રાપ્ત કર્યા બાદ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો તેમ જ શ્રી સુખસાગરજી મહારાજનો મેળાપ થતાં આ જાતનો વિનય દાખવ્યાના દાખલા મોજુદ છે. એ ન બને તો ઉપરની રીતિ અખત્યાર કરવામાં વાંધો ન જ હોઈ શકે. મુનિ સંમેલને દ્વાર ઉઘાડી દીધા છે તો આ પ્રસંગને વધાવી લેવો એ સમજુનું કર્તવ્ય છે.

ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી શતાબ્દિ.

## અને મુંબઈની જૈન સમાજ

કારતક શુદ ૧૪ ને શનિવારના રોજ સવારે ૯ વાગ્યે શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય હેઠળ શતાબ્દિ અને મુંબઈનો જૈનસમાજ એ વિષય ઉપર વિવેચન અર્થે એક સભા મળી હતી. પ્રમુખસ્થાને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી બિરાજ્યા હતા. નિયત કરેલા સમય પૂર્વે વ્યાખ્યાન હોલ શ્રોતાઓથી ચીકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં શ્રીયુત્ **મોતીચંદ ગિરધરલાલ** કાપડીઆએ બોલતાં જણાવ્યું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાલયમાં પ્રતિષ્ઠાને અંગે પૂજ્ય આચાર્ય મહારાજને અત્રે પધારવા અમે વિજ્ઞપ્તિ કરી હતી. જેનો તેઓશ્રીએ સ્વીકાર કર્યો હતો તેને અંગે મુંબઇને ખૂબ લાભ મળ્યો છે. તેમજ મહાત્માઓનું તો એ કર્તવ્ય જ છે કે તેઓ તો વરસાદની માફક સર્વત્ર વરસે જ. તેમાં આપણે આભાર માનીએ તો તે વ્યવહારની ખાતર ભલે ઠીક હો, પરંતુ વાસ્તવમાં જોઇએ તો તેમનો સ્વભાવ જ વરસવાનો છે એટલે તેઓ તો વરસાદની જેમ જરૂર વરસે જ. તેમાં આભારની જરૂર રહેતી નથી. શતાબ્દિને અંગે પણ મારે તમને જણાવવું જોઇએ કે પૂજ્ય આત્મારામજી મહારાજે સમસ્ત વિશ્વમાં જૈનોને જાહેર કર્યા છે, એ કઇંક જેવો તેવો ઉપકાર નથી. એટલે તેમની શતાબ્દિ પ્રસંગે આપણી ફરજ છે કે આપણે દરેક રીતે તે કાર્યમાં ફાળો આપીને શતાબ્દિને યશસ્વી બનાવીએ. વળી પૂજ્ય આચાર્યશ્રીને પણ મારી વિનંતિ છે કે શતાબ્દિને મુંબઇમાં જ ઉજવવાનું રાખે તો અનેક રીતે લાભદાયી છે. વળી અત્યારે જે સૂત્ર વંચાઈ રહ્યું છે તેનો ખરો રસમય અને સમજવા જેવો ભાગ તો હજુ હવે જ આવવાનો છે. એટલે આપણે સૌ મહારાજશ્રીને વિનવીએ છીએ કે તેઓ ગમે તેમ કરીને પણ મૌન એકાદશી સુધી તો અત્રે સ્થિરતા કરે જ. દરમ્યાનમાં શતાબ્દિ કયાં ઉજવવી તેનો પણ નિર્ણય થઇ જ જશે. જો કે તેઓશ્રીની દલીલ પણ વિચારવા જેવી તો છે જ કે શ્રી પ્રવર્તકજી મહારાજ આવડી વૃદ્ધવયે મુંબઈ તો આવી શકે તેમ છે જ નહિ એટલે તેમની હાજરીમાં ઉજવાય તો ઠીક અને તે સિવાય અન્ય સાધુ સાધ્વીઓ પણ પાટણમાં ઉજવાય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારા પ્રમાણમાં આવી શકે. આ બન્ને વાતમાં તથ્ય તો છે જ, પરંતુ લાભાલાભની દૃષ્ટિએ જોઈને નિર્ણય કરવા વિનંતિ છે. ત્યારબાદ **શેઠ અમૃતલાલ કાલીદાસે** બોલતાં જણાવ્યું કે શ્રી મોતીચંદભાઈના કહેવા મુજબ અત્યારે વંચાતું સુંદર સૂત્રને પૂર્ણ કર્યા પહેલા આપણે મહારાજશ્રીને અત્રેથી જવા દેવા ન જ જોઈએ. જો તેઓ પૂર્ણ રીતે વરસ્યા વિના જાય તો આપણી ખેતી અધુરી જ રહી જશે, માટે હવે ગમે તેમ કરીને પણ વધુ નહી તો શ્રી મોતીચંદભાઈના કહેવા મુજબ મૌન એકાદશી સુધી તો જરૂર સ્થિરતા કરે જ. મહારાજશ્રીએ પૂર્વે કહ્યું છે તે પ્રમાણે મુંબઈના નધણીઆતા સંઘને માટે એક બે દિવસમાં નિર્ણય કરવો મુશ્કેલ છે એટલા માટે પણ વધુ સમયની જરૂર છે. હમણાં જ મેં એક અંગ્રેજી ચોપડી વાંચી છે તેમાં પહેલું જ સૂત્ર એ છે કે સભ્યતા બતાવવામાં એક પાઈનું પણ ખર્ચ થતું નથી. આ સૂત્ર સોનેરી છે. બીજા કોઈ માણસો આ પવિત્ર કાર્યમાં ગુસ્સો કરે તો પણ આપણે તો સભ્યતા ન જ છોડવી એ ઉત્તમ છે. ત્યારબાદ પાટણના એક ભાઈએ બોલતાં જણાવ્યું હતું કે—પાટણનો સંઘ આ સંબંધી વિચાર કરી રહ્યો છે. હું જાણું છું ત્યાં સુધી એક અઠવાડીયામાં કંઈ પણ નિર્ણય થઇ જશે, માટે મહારાજશ્રીને મારી વિજ્ઞાપ્તિ છે કે ત્યાં સુધીમાં ચોક્કસ નિર્ણય ન થાય તો ઠીક. ત્યારબાદ મુનિરાજશ્રી **ચરણવિજયજીએ** બોલતાં જણાવ્યું કે આ કાર્ય અરસપરસના સહકારથી જ પાર ઉતરશે. એકલા કંઈ પણ બની શકતું નથી. પ્રેરણા કરવી એ અમારી ફરજ છે. શતાબ્દિ સર્વ રીતે ઉજ્વળ બને એ ધગશ તમારા હૃદયમાં જાગૃત જ રહેવી જોઇએ. આ પુણ્ય પ્રસંગ ગયા પછી જો લાભ નહીં લ્યો તો પશ્ચાત્તાપ જ થશે. દરેક નવીન વસ્તુ પૂર્ણ થયા પછી જ તેની કિંમત અંકાય છે. જયંતિ ઉજવવાની પ્રથા જ્યારે નીકળી ત્યારે ખૂબ ઉહાપોહ થયો હતો પરંતુ આજે અનેક જયંતિઓ પ્રચલિત થઇ છે. વળી વિઘ્ન વિનાના કાર્યની ખરી કિંમત પણ આંકી શકાતી નથી, તેથી જ કહેવાયું છે કે શ્રેયાંસિ બહુવિઘ્નાનિ. પૂજ્ય મહારાજ સાહેબ ઉપર પણ સત્ય ધર્મની પ્રરૂપણા કરતાં ખૂબ વિઘ્નો આવ્યા હતા, છતાં જે સત્ય હોય છે તે સૂર્ય જેવું પ્રકાશિત જ હોય છે. શતાબ્દિ માટે ગમે તેટલું વિરૂદ્ધ વાતાવરણ ઉત્પન્ન થાય તો પણ ગભરાયા વિના કર્તવ્ય સમજીને આગળ ને આગળ વધજો શતાબ્દિ તો નિમિત્ત માત્ર છે. એથી લાભ તો જૈનસમાજને જ થવાનો છે. વળી પંચકી લકડી અને એકકા બોજની કહેતી આ કાર્યમાં ફલિતાર્થ થાય છે. આ સંબંધી ખૂબ કહેવાઇ ગયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને હજુ પણ કાર્ય પૂર્ણ નહીં થાય ત્યાં સુધી કહેવાશે જ. શતાબ્દિ એ અમારો પ્રાણ છે. એને સફળ કર્યા પછી જ અમને અને તમને સૌને શાંતિ. શ્રીમદ્ આત્મારામજી મહારાજ જો આ સદીમાં ન થયા હોત તો અત્યારે આ વિશાળ સાધુ સમુદાય છે તે ન જ હોત, એમ કહેવામાં અતિશયોક્તિ નથી જ. ત્યારબાદ આચાર્ય મહારાજે બોલતાં જણાવ્યું કે શતાબ્દિ કયાં ઉજવાશે તેનો અંતિમ નિર્ણય હજુ થયો નથી, પરંતુ સૌથી આનંદની વાત તો એ જ છે કે સર્વ કોઇ શતાબ્દિના કાર્યને અપનાવે છે. બાકી જો મુંબઇનો ખરો આગ્રહ હશે તો હું પ્રવર્તકજી મહારાજની આજ્ઞા મંગાવીશ. દરમ્યાનમાં સભામાંથી એક અવાજ આવ્યો કે શ્રી કાંતિવિજયજી મહારાજ પાટણમાં જ ઉજવવાની વાતને પકડી રાખે તો ? જવાબમાં શ્રી આચાર્ય મહારાજે કહ્યું કે તો નિઃશંકપણે પાટણમાં જ ઉજવાશે. પરંતુ ખરી વાત એ છે કે તમે શ્રી કાંતિવિજયજી મહારાજને તેમના ખરા સ્વરૂપમાં ઓળખ્યા જ નથી. તેઓશ્રીની ઉદારતા અને ગાંભીર્યતા અપરિમિત છે. બીજે સ્થાને વધારે લાભ જોવે તો તેઓ પોતાનો લાભ પણ જતો કરે તેમ છે. વળી તમે મને અત્રે સ્થિરતા વધારવા કહ્યું છે પરંતુ તેમ તો બની શકશે નહીં. મારૂં ધ્યેય તો પાટણ તરફ હોઇને મારે તુરત જ વિહાર તો કરવો જોઈએ જ. બાકી જો તમે પ્રવર્તક મહારાજની આજ્ઞા લઇ આવશો તો હું અરધે રસ્તેથી પાછો ફરીશ, અને તમારી સૌની સન્મુખ આવીશ. હાલ તુરત તો મુંબઈના પરામાંજ હું હોઈશ જ્યાં સુધી અગાસીથી આગળ ન જવાય ત્યાં સુધી મુંબઈમાં જ ગણી શકાય. કેમકે આવે અગાસી જાય ન્હાસી. એ કહેણી મુજબ અગાસી ન પહોંચાય ત્યાં સુધીતો તમારી વચ્ચે જ છું તેમ સમજજો અને ત્યાંથી આગળ વિહાર થશે, પણ જો તમે સૌ નિર્ણય કરીને અને પ્રર્વતકજી મહારાજની મુંબઇમાં શતાબ્દિ ઉજવવાની આજ્ઞા લઇ આવશો તો હું સુરત પહોંચ્યો હોઇશ તો પણ અહીં પાછો આવીશ તે ચોક્કસ માનજો. પાટણમાં તો સંઘપતિ પણ છે અને અહીં તો મારવાડી, અમદાવાદી, સુરતી, કચ્છી એમ દરેકના આગેવાન મુખીઓને મનાવવા પડશે તેમ છતાં વાટાઘાટ કરીને અને નફા–નુકસાનનો વિચાર કરીને નિર્ણય ઉપર આવો એટલે સૌ સારા વાના થઇ રહેશે; ત્યારબાદ સર્વ મંગલ બોલીને સભા વિસર્જન થઇ હતી.

રાજપાળ મ૦ વહોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈશાલી

## લિચ્છવિઓની રાજધાની

વિશાલપૂરી–વૈશાલી, લિચ્છવિઓની રાજધાની હતી. શક્તિશાલી વજ્જી-સંઘનું રાજશાસનનું મધ્યબિંદુ હતું, એ વિષે ઐતિહાસિકોમાં મુદ્દલ મતભેદ નથી. ઇ. સ. પૂર્વેના પાંચમા સૈકાનો બૌદ્ધ તેમજ જૈન ઇતિહાસ આ નગરી સાથે વણાઇ ગયો છે.

## વૈશાલી અને મહાવીર

જૈન ધર્મના છેલ્લા તીર્થંકર, વૈશાલીવાસી સર્વજ્ઞ ભગવાન મહાવીરના સંબંધમાં સૂત્રકૃતાંગ કહે છે કે

**एवम् से उदाहु अनुत्तरमणि अनुत्तरदंशी अनुत्तर ज्ञानदंशनधरे अरहा नायपुत्ते भगवम् वेसालिये वियाहिये ( व्याख्यातवान् ) इति वेमि ''**

એ જ વાત જરા જુદા રૂપમાં ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ છે. એમાં ભગવાન મહાવીરને વૈસાલિયે અથવા વૈશાલિકના નામે ઓળખાવ્યા છે. ભગવતીના ટીકાકાર શ્રી અભયદેવ પણ એમના ૨....૧....૧૨....૨ ભાષ્યમાં વૈશાલિકનો અર્થ શ્રીમહાવીરસ્વામી અને વિશાલાનો અર્થ મહાવીરસ્વામીની માતા કરે છે. બૌદ્ધ તેમજ જૈન ગ્રંથોના વાંચનથી એટલું સ્પષ્ટ જણાય છે કે વૈશાલીના એક પરામાં–કુંડગ્રામમાં ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. મહાવીરની માતા ત્રિશલા, લિચ્છવીરાજ ચેટકની બ્હેન હતી. જૈન કલ્પસૂત્રમાં એ સંબંધ બહુ સારી રીતે બતાવ્યો છે. ભગવાન મહાવીર વિદેહ હતા–વિદેહવાસી હતા, વિદેહદત્તાના પુત્ર હતા અને ત્રીસ વરસ સુધી વિદેહમાં જ વસ્યા હતા. દીક્ષા અંગીકાર કર્યા પછી પણ શ્રી મહાવીરસ્વામી પોતાની માતૃભૂમિને છેક ભૂલી ગયા નથી. કલ્પસૂત્ર કહે છે તેમ ૪૨ ચોમાસા પૈકી ભગવાને ઓછામાં ઓછા ૧૨ ચોમાસા તો વૈશાલીમાં જ કર્યા હતા.

## બુદ્ધદેવ અને વૈશાલી.

ભગવાન મહાવીરની જેમ બુદ્ધદેવ પણ વૈશાલી સાથે ઘણો સારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ ધરાવતા. ધર્મપ્રચાર અર્થે બ્હાર નીકળ્યા ત્યારે પહેલવહેલા એમણે વૈશાલીની પસંદગી કરી હતી. અંબપાલીની આમ્રકુંજ અથવા મહાવનની કૂટાગારશાલામાં એમણે ઘણીવાર ધર્મોપદેશ કર્યો હતો. તેઓ લિચ્છવિ અને વજ્જીઓના ચારિત્રની મધુરતા ઉપર મુગ્ધ બન્યા હતા, એમ કહીએ તો પણ કંઈ ખોટું નહીં. બુદ્ધદેવ લિચ્છવીઓ પ્રત્યે મમતાની નજરથી નીહાળતા.

મગધરાજ અજાતશત્રુના યુદ્ધમંત્રી સાથે એક વાર બુદ્ધદેવને જે વાર્ત્તાલાપ થયો હતો તે ઉપરથી બુદ્ધદેવ પોતે લિચ્છવિઓના ચારિત્ર્ય વિષે કેવો ઉચ્ચ અભિપ્રાય ધરાવતા હોવા જોઇએ તેની કલ્પના થઈ શકે છે. લિચ્છવિઓના સાત ખાસ ગુણ એમણે એ વખતે વર્ણવેલા અને યુદ્ધમંત્રીને કહેલું કે જ્યાં સુધી લિચ્છવિઓમાં એ ગુણ છે ત્યાંસુધી એમની સ્વતંત્રતા કોઈ ખૂંચવી શકશે નહીં. વૈશાલીવાસીઓનાં નિર્દોષ, નિષ્કલંક જીવનનું વર્ણન કરી બુદ્ધદેવે મગધરાજને વૈશાલી સામે યુદ્ધ જાહેર કરવાની સાફ ના સંભળાવી હતી. લિચ્છવિઓ એ વખતે ખરેખર શક્તિશાલી અને સદ્ગુણાનુરાગી હતા, એટલે જ તેઓ બુદ્ધદેવની પ્રીતિ તથા ભક્તિ મેળવી શકયા હતા.

પોતાનો નિર્વાણનો સમય નજીક આવ્યો છે, એમ જાણી ગૌતમબુદ્ધ પોતે, વૈશાલીવાસીઓને દર્શન આપવા અહીં આવ્યા હતા. લોકો પણ એમના પ્રતિ એવું જ સન્માન દર્શાવતા.

મહાપરિનિર્વાણ સૂત્તંતમાં કહ્યું છે કે—" બુદ્ધદેવ જ્યારે વૈશાલીની અંદર ફરી, ભિક્ષાનું કામ પતાવી પાછા ફરતા હતા ત્યારે હાથીની જેમ વખતોવખત વૈશાલી સામે જોઇ રહેતા. "

—'नागापलोकितम् वेसालियम् अपलोकेत्वा—' અને આનંદને સંબોધીને એમણે કહેલુ પણ ખરૂં કે " હે આનંદ, તથાગત આ છેલ્લીવાર વૈશાલીને જોઇ લે છે. "

## વૈશાલીની બીજી મહાસંગીતિ.

બૌદ્ધ સાધુઓમાં, ગૌતમબુદ્ધના નિર્વાણ પછી જ્યારે શિથિલાચાર પ્રવેશ્યો, સાધુ–જીવનના કેટલાક નિયમોનો ભંગ થવા માંડયો, આહાર અને દ્રવ્યસંગ્રહના વિષયમાં સ્વેચ્છાચાર દેખાવા લાગ્યો ત્યારે બૌદ્ધ સંપ્રદાયના સાધુઓની બીજી મહાસંગીતિ આ વૈશાલીમાં જ મળી હતી. એ વખતે કેટલાક સાધુઓએ, શાસ્ત્રીય નિયમોના મનફાવતા અર્થ કર્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રામાયણુ અને વૈશાલી.

બુદ્ધઘોષે વર્ણવેલી વૈશાલી સંબંધી દંતકથા ઉપરથી વૈશાલીની સ્થાપના લિચ્છવિઓને આભારી હતી અને વૈશાલી એક વિરાટ નગરી હતી એ બે વાતો બરાબર સિદ્ધ થાય છે. બહુ વિશાળ હોવાથી જ એનું નામ વૈશાલી પડયું હતું. રામાયણના બાળકાંડમાં વાલ્મિકીએ વૈશાલીની ઉત્પત્તિ જુદી રીતે વર્ણવી છે: એ કહે છે કે ઇક્ષ્વાકુથી અલમ્બુષાને ગર્ભ રહ્યો, તે પુત્રરૂપે અવતર્યો. એનું નામ વિશાલ રાખવામાં આવ્યું. એણે જ આ નગરી સ્થાપી. એના નામથી નગરીનું નામ વૈશાલી પડયું. વિષ્ણુપુરાણના મતે ઇક્ષ્વાકુ–વંશીય તૃણુબિંદુથી અલંબુષાને ગર્ભ રહ્યો હતો અને વિશાલ નામનો પુત્ર પ્રસવ્યો હતો.

રામાયણમાં એક બીજો પ્રસંગ છે. રાજર્ષિ જનકની રાજધાની–મિથિલામાં જવા સારૂ વિશ્વામિત્ર પ્રવાસ કરી રહ્યા છે. એમની સાથે રામ–લક્ષ્મણ પણ છે. વચમાં ગંગા નદી આવે છે. ગંગા ઉતરી ઉત્તર કિનારે પહોંચે છે ત્યારે તેઓ વૈશાલી નગરી જુએ છે, પણ વૈશાલી બરાબર ગંગાના કિનારા ઉપર જ હતી એવો એનો અર્થ નથી નીકળતો.

उत्तरम् तीरमासाद्य संपूज्यर्षिगणम् ततः
गंगाकूले निविष्टास्ते विशालाम् ददृसुः पुरिम्
( અ. ૪૫ : શ્લો. ૯ )

એમ બને કે એમણે ઉત્તર–કિનારે ઉભા રહી, આઘે આઘે ઉભેલી નગરીની અટ્ટાલિકાઓ અથવા મંદિરોના શિખરો નીરખ્યાં હોય. રામાયણમાં આ નગરીનું વણુન કરતાં એને ચાર–પાંચ વિશેષણોથી વધાવી છે: “ **विशालां नगरीम् रम्याम् दिव्याम् स्वर्गोपमाम् तदा ...**” ( અ. ૪૫, શ્લો. ૧૦–૧૧ ) એ એક “ ઉત્તમ નગરી ” હતી, રમ્ય હતી, દિવ્ય હતી, સ્વર્ગની ઉપમાને યોગ્ય હતી.

મુનિ વિશ્વામિત્રે આ સ્થાનનું માહાત્મ્ય સૂચવવા એક લાંબી કથા કહી છે. ટૂંકામાં એની મતલબ એ છે કે દેવરાજ ઇન્દ્ર અહીં એક હજાર વરસ રહ્યા હતા. ઇક્ષ્વાકુવંશીય નરપતિ સુમતિ એ સમયે અહીં રાજ્ય કરતો. મહામતિ ઇક્ષ્વાકુની કૃપાથી, એમના આશીર્વાદથી વૈશાલીના બધા રાજા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सर्वे वैशालिका नृपाः**—દીર્ઘાયુષી, નીરોગી, સમૃદ્ધિશાળી, બળવાન અને ધર્મ-પરાયણ બનતા.

વૈશાલી સંબંધી બીજી પણ જે જે કથાઓ પ્રચારમાં આવી હતી તે ઉપરથી આ શહેર એક જમાનામાં ઘણું વિશાળ, વિસ્તૃત હોય એવી ખાત્રી થાય છે. ઇસ્વીસનના સાતમા સૈકામાં હ્યુનચ્યાંગે એ નગરીના નાશ પામતા બચી ગયેલા જે અવશેષો જોયા હતા તે ઉપરથી પણ બહુ વિશાળ હોવાના કારણે વૈશાલી નામ પડયું હોય એ બાબત કોઇ પ્રકારની શંકા નથી રહેતી.

## હ્યુનચ્યાંગનું વર્ણન.

હ્યુનચ્યાંગ લખે છે કે “ પ્રાચીન વૈશાલી નગરી ૬૦-૭૦ લી વિસ્તૃત અને ગઢના અંદરના ભાગની પરિધિ ૪-૫ લી૦ની હતી. ” અર્થાત્ બુદ્ધઘોષે ત્રણ ગઢવાળી જે વૈશાલીનું વર્ણન કર્યું છે તે જ હ્યુનચ્યાંગની “ પ્રાસાદ-નગરી ” હોવી જોઇએ. પરાંઓની સાથે સમગ્ર નગરનો હિસાબ કરીએ તો એનો ઘેરાવો ઓછામાં ઓછો વીસ માઈલનો થાય.

બુદ્ધઘોષના વર્ણનની સાથે એકપન્ન જાતકની અટ્ઠકથાનો મેળ મળે છે. એમાં લખ્યું છે કે વૈશાલી નગરીને ફરતા એક પછી એક એવા ત્રણ ગઢ હતા. દરેક ગઢની વચ્ચે એક “ ગાબૂત ” નો આંતરો હતો. ત્રણે ઠેકાણે ગોપુરવાળા ત્રણ તોરણ અને રહેવાને સારૂ મકાનો હતાઃ “वेसालि नगरम् गावूत गावूतन्तरे तीहि पाकारेहि परिक्खित्तम् तीसु ठानेसु गोपुरट्टा लोकयुकृम्—” લોમહંસ જાતકની અટ્ઠકથામાં પણ ત્રણ ગઢનો ઉલ્લેખ છે.


## દુલ્લ અને ઉવાસગદસાઓ.

ટીબેટી દુલ્લમાં વૈશાલીના ત્રણ પરાનું આ પ્રમાણે વિવરણ છે. “ વૈશાલીને ત્રણ પરા હતા, પહેલા પરામાં સોનાના મીનારાવાળા સાત હજાર ઘર હતાં. બીજા પરામાં રૂપાના મીનારાવાળા ચૌદ હજાર ઘર હતાં. ત્રીજા પરામાં ત્રાંબાના મીનારાવાળા એકવીસ હજાર ઘર હતાં. પ્રતિષ્ઠાના પ્રમાણમાં અનુક્રમે ધનવાન, સામાન્ય અને ગરીબ માણસો, પહેલા-બીજા-ત્રીજા પરામાં રહેતાં. ”

ઉવાસગદસાઓનું ડો. હર્નલે જે સંપાદન કર્યું છે તેમાં તે એક સ્થળે કહે છે કે ઉપરોક્ત ત્રણ પરા ઘણું કરીને વૈશાલી, કુંડપુર અને વાણિય ગામના નામે ઓળખાતા હશે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**૧ ગુજરાતના મંત્રી તેજપાળનો વિજય**—ગોધરા, પાવાગઢ અને ચાંપાનેરના અપ્રકટ ઇતિહાસ સાથે. લેખક—પંડિત **લાલચંદ ભગવાનદાસ** ગાંધી.

શ્રી જૈન ધર્માભ્યુદય ગ્રંથમાળાના ત્રીજા પુષ્પ તરિકે આ ગ્રંથ પંડિત લાલચંદભાઇએ સંશોધક અને ઐતિહાસિક દૃષ્ટિએ લખ્યો છે. "પ્રાસ્તાવિક" ( શરૂઆતના ૪૬ પાનામાં જ તે વખતનો ઇતિહાસ આલેખ્યો છે અને પછી શ્રી તેજપાળનું ચરિત્ર. બંનેની વસ્તુસંકલના એવી ગોઠવાયેલ છે કે જૈન ઐતિહાસિક સાહિત્યમાં એક અભિવૃદ્ધિ કરી છે અને ગુજરાતના જૈનેતર ઇતિહાસ લેખકને અમુક અંશે સાધન બનાવી આપ્યું છે. ગ્રંથ લઘુ છતાં ઇતિહાસના જિજ્ઞાસુઓને પઠન કરવા જેવો છે.

કિંમત આઠ આના. મળવાનું સ્થળ—પ્રકાશક અભયચંદ ભગવાનદાસ ગાંધી, હેરીસરોડ—ભાવનગર.

---

**૨ શ્રી ચતુર્વિંશ જિન આરતિ તથા મંગળ દીપક**—બનાવનાર દુર્લભજી ગુલાબચંદ વળા. પ્રકટકર્તા ગિરધરલાલ રતનજી વળા. કિંમત દોઢ આનો.

ચોવીશ તીર્થંકર ભગવાનની આરતિ આ ગ્રંથમાં આપવામાં આવી છે.

---

**૩ ઉપદેશ રત્નમાળા અને પ્રકીર્ણ ઉપદેશ**—સંપાદક અનુયોગાચાર્ય **માનવિજયજી** ગણી. કિંમત વાંચન—મનન-સદુપયોગ. શ્રી વૃદ્ધમાન સત્યનીતિ હર્ષસૂરિ જૈન ગ્રંથમાળાના ચોથા પુષ્પ તરીકે પ્રકટ કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં શ્રી પદ્માજિનેશ્વરસૂરિરચિત ઉપદેશરત્નમાળા તથા શ્રી મુનિસુંદરસૂરીશ્વરજીરચિત પ્રકીર્ણ ઉપદેશ બંને મૂળ સાથે ભાષાંતર આપવામાં આવેલ છે. બંને ગ્રંથ લઘુ છતાં વાંચવા, વિચારવા, મનન કરવા જેવા છે. પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે. પ્રસિદ્ધકર્ત્તા—શાહ હીરાચંદ મયાચંદ-આલંદી ( જીલ્લો—પુના. )

---

## રિપોર્ટ.

**૧ શેઠ મોતીશાની પાલીતાણાની ટુંક તથા પેઢી**—ચેરીટેબલ ટ્રસ્ટનો સં. ૧૯૯૦ નો હિસાબ સરવૈયું ટ્રસ્ટીઓએ યોગ્યરીતે વહીવટ કરેલ છે. દરેક હકીકત જમે-ઉધાર, આવક-જાવકના આંકડાઓ બરાબર આપેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ શ્રી મહુવા યુવક મંડળનો રિપોર્ટ**—સં. ૧૯૮૭ થી સં. ૧૯૯૦ સુધીનો કેળવણી, આરોગ્ય અને વાંચનાલય એ ત્રણ કાર્યો તેની કમીટીએ હાથ ધરેલા છે, જે ધીમી પ્રગતિએ કાર્ય કર્યે જાય છે. આવક-જાવક, હિસાબ, રિપોર્ટ વાંચવા યોગ્ય લાગેલ છે. ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

**૩ શ્રી લેડીવિલીંગડન અશક્તાશ્રમ સુરત**—અને તેના અંગે ચાલતા દવાખાનાનો સને ૧૯૩૪ ની સાલનો રિપોર્ટ તથા હિસાબ. પ્રકટકર્ત્તા કમીટીની મંજુરીથી શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ પ્રેસીડેન્ટ. અનુકંપા બુદ્ધિથી કરવામાં આવતો આ સંસ્થાનો વહિવટ રિપોર્ટ વાંચતા કાર્યવાહી અનુમોદન કરવા જેવી જણાય છે. અપંગ અને અશક્ત તેમજ નિરાધાર અનેક મનુષ્યોની સેવા આ ખાતાની કમીટી કરી પુણ્ય ઉપાર્જન કરે છે. તેનો લંબાણથી આપવામાં આવેલો રિપોર્ટ યોગ્ય વહીવટ સુચવે છે. આ ખાતું દરેક રીતે મદદને પાત્ર છે. મોટા શહેરમાં આવા ખાતાની ખાસ જરૂર અમો જોઇએ છીએ.

# વર્તમાન સમાચાર.

## છબી ખુલ્લી મૂકી.

ભાવનગર-વડવાના જૈન ઉપાશ્રયમાં, વરતેજવાળા ભાવસાર સાકરલાલ ગાંડાલાલ તરફથી તૈયાર કરાવેલ સ્વ. ઉપાધ્યાયજી **શ્રીમદ્ વીરવિજયજી** મહારાજનો ઓઇલ પેઇન્ટીંગ ફોટો ખુલ્લો મૂકવાની શુભ ક્રિયા કાર્ત્તક વદી આઠમના રોજ સવારમાં નવ વાગે, મ્હોટા સમારોહ સાથે પં. શ્રી **ભક્તિવિજયજી** મ. ને હાથે કરવામાં આવી હતી. ઉપાશ્રયને અંદરથી અને બહારથી ધ્વજા-પતાકાથી શણગાર્યો હતો. ગુરૂભક્તિપરાયણ પ્રેક્ષકવર્ગથી ઉપાશ્રયનો નીચેનો તેમજ ઉપરનો ભાગ ખીચોખીચ ભરાયો હતો. પંન્યાસજી ભક્તિવિજયજી મ. મંગળવિજયજી મ. અને રવિવિજયજી મહારાજાદિ મુનિમંડળ તેમજ સાધ્વીજીઓની હાજરી પણ મેળાવડાને શોભાવી રહી હતી. શરૂઆતમાં પંન્યાસજીએ શ્રીમદ્‌ના ગુણાનુવાદ કર્યા પછી નાનચંદ તારાચંદ શાહે સ્વર્ગસ્થ મ. ના ભાવપૂર્ણ જીવન ઉપર પ્રકાશ પાડયો હતો. બાદ કુંવરજીભાઈએ પ્રાસંગિક વિવેચન કરતાં જણાવ્યું કે અત્યારે શ્રી. બુટેરાયજી મ. અને શ્રી. આત્મારામજી મહારાજનો એટલો બહોળો સમુદાય છે કે કોઇ તેમની બરોબરી ન કરી શકે, પરંતુ જે થોડા દુ:ખદ મતભેદ છે તે જો ઉ. વીરવિજયજી મહારાજ જેવા મહાત્મા હૈયાત હોય તો આ સ્થિતિ થવા ન પામત. જો કે તેવા મહાપુરૂષ **પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજ** હાલ વિદ્યમાન છે, પરંતુ તેઓ બહુ જ વયોવૃદ્ધ થયા છે વિગેરે. શાસ્ત્રી રેવાશંકરભાઇએ સુંદર શબ્દોમાં સ્વર્ગસ્થની પ્રશંસા કરી હતી. ત્યારબાદ ઉપાધ્યાયજી મહારાજનો ફોટો ખુલ્લો મૂકાયો હતો. બાદ વડવાના સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. બપોરના પંચકલ્યાણક પૂજા પણ તે જ સ્થળે-ઉપાશ્રયમાં ભાવસાર દેવચંદ કાનજી તરફથી ભણાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ.

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું (અગાઉ છપાયેલ કોઇ આવૃત્તિઓનો નહિ) પરંતુ બે તાડપત્રીય પ્રાચીન પ્રતો અને ત્રણ પ્રાચીન કાગળની પ્રતોનો ઉપયોગ કરી એનું સંશોધન ઘણીજ પ્રમાણિક રીતે કર્યું છે. કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ **મુનિરાજ** શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણુ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણુ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત -

## श्री बृहत् कल्पसूत्रम्–

**( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )**

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે. નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેનાં વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ બાર આના.

લખો.—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. રૂા. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. રૂા. ૩-૮-૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪-૦-૦
૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨-૦-૦

### છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ ત્રીજો ભાગ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.
૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. ( તૈયાર છે. ) રૂા. ૦-૨-૦
૨ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૩ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૪ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧-૪-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ રૂા. ૦-૪-૦

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### ( ગ્રંથમાળા ) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ. ૦-૨-૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ). ૦-૪-૦
૩ શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર. ૦-૪-૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦-૮-૦

### છપાતાં ગ્રંથો.

૬ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ( ગુજરાતી અક્ષરમાં )
૭ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૮ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૯ ધાતુપારાયણ.
૧૦. શ્રીવૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only